ઘર સંપાદિત થતા લોકોમાં નારાજગી

નાસિક હાઇવેને જોડવા બાયપાસ રોડ માટે બાલદા ગામે પોલીસ સાથે સરવેની કામગીરી હાથ ધરાઈ

દિલ્હીથી સેટેલાઇટ મેપ રોડ તૈયાર કરવામાં આવ્યો, ત્યારે સ્થળ પર આવી મેપ તૈયાર કરવા સ્થાનિકોની માંગ ઉઠી

પારડી : પારડી હાઇવે ફાઉન્ટન હોટલની બાજુમાંથી બાયપાસ રોડ માટે બાલદા ગામથી નાસિક હાઈવે 848ને જોડવા માટે સરવેની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે હાથ ધરવામાં આવી હતી. જે સરવેની કામગીરી કુંભારીયા સુધી પહોંચી હતી. આ સરવેની કામગીરી દરમિયાન લોકોના ઘર, ખેડૂતોની જમીન સરવેમાં જવાને લઈ લોકોમાં નારાજગી પ્રસરી જવા પામી છે.

પારડી ચાર રસ્તા હાઈવે પરથી બજારમાં જવા માટેના ચીવલ રોડ પર ભારે ટ્રાફિકની સમસ્યાને લઈ નાસિક હાઈવે તરફ જતા વાહન ચાલકો તથા સ્થાનિક લોકો પરેશાન થાય છે.

જેને લઈ હવે પારડી જીઆઈડીસી હાઈવે સ્થિત ફાઉન્ટન હોટલની બાજુમાંથી બાલદા કમઠી ફળિયા, મોટા ફળિયાથી નાસિક સ્ટેટ હાઈવે 848ને જોડનાર છે. જેને લઈ આજરોજ સરવેની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં લોકોના ઘર-જમીન સરવેમાં સંપાદિત થતા ગ્રામજનોએ એકત્ર થઈ રોષ વ્યક્ત કર્યો હતો. હાલ આ કામગીરી કુંભારીયા સુધી પહોંચી છે. ત્યારે એક તરફ ટ્રાફિકની સમસ્યા નિવારવા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે, તો બીજી તરફ આ વિકલ્પને લઈ ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, એક તરફ ફાસ્ટેગ હાઈવે, તો હવે સ્ટેટ હાઈવેને જોડવા ગામડાઓના ખેડૂતોની ખેતી કરવાની જમીન, વર્ષોથી રહેતા લોકોના ઘર-જમીન સંપાદિત થતા લોકોએ સરવેની કામગીરી સામે રોષ ઠાલવ્યો હતો.

ગ્રામ પંચાયતને વિશ્વાસમાં લીધા વિના કામગીરી કરવામાં આવી

ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ પારડી તાલુકાના ઉમરસાડીથી હાઇવે માર્ગ શરૂ થઇ નાસિક સુધી પહોંચે છે. પારડી બજારમાંથી ફ્લાય ઓવરબ્રિજ બનાવવામાં આવે તો માત્ર 14 મીટરમાં તૈયાર થઇ શકે તેમ છે. જો આ કામગીરી પારડી બજારમાંથી હાથ ધરવામાં આવે તો ગામમાં વળતરનો ખર્ચ બચી શકે છે. પારડીના વિકાસના નક્શાનો રોડ 24 મીટર છે. જેમાં 8-8 મીટર વધારવામાં આવે તો ગામડાઓમાંથી બાયપાસ 40 મીટર સંપાદનની જરૂર જ રહેતી નથી. દિલ્હીથી સેટેલાઇટ મેપ રોડ તૈયાર કરવામાં આવ્યો છે, ત્યારે સ્થળ પર આવી મેપ તૈયાર કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે. બાલદા ગ્રામપંચાયતની ગ્રામસભામાં આ ઠરાવ કરવામાં આવ્યો નથી, છતાંયે ગ્રામપંચાયતને વિશ્વાસમાં લીધા વિના આ કામગીરી પોલીસને સાથે રાખી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે જાગૃત સંસદસભ્ય તથા મંત્રી આ બાબતે ધ્યાન દોરે તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે.

નવસારીમાં દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા પેટ્રોલિંગ

આંતકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ કાંઠા વિસ્તારમાં શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખવા કાર્યવાહી

નવસારી : નવસારી જિલ્લામાં દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ અને સ્થાનિક પોલીસ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આંતકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ કાંઠા વિસ્તારમાં શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસ મહાનિરીક્ષક (દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સ), ગાંધીનગર અને પોલીસ અધિક્ષક હજીરા, સુરતના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર યુ.જે. પટેલ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.એન. પટેલ તથા મરીન કમાન્ડોની ટીમ દ્વારા નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દરિયાઈ વિસ્તાર દિપલાથી બોરસી માછીવાડ સુધી ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

આ કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમોએ દરિયાકાંઠા વિસ્તારમાં શંકાસ્પદ વ્યક્તિઓ, વાહનો, બોટો તેમજ અવાવરૂ સ્થળોની બારીક તપાસ હાથ ધરી હતી. સાથે જ દરિયાકાંઠા વિસ્તારમાંથી મળતા શંકાસ્પદ ડ્રોન, ડ્રગ્સ પેકેટ્સ, બેગ તથા કેફી પદાર્થોની હેરાફેરી રોકવા ખાસ તકેદારી રાખવામાં આવી હતી. તંત્ર દ્વારા દરિયાઈ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં પણ આવી પેટ્રોલીંગ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

28 વર્ષથી વોન્ટેડને પોલીસે રિક્ષાચાલક બનીને ઝડપી લીધો

વઘઈમાં RTO અધિકારી પર હુમલો, અપહરણના ગુનાનો આરોપી મહારાષ્ટ્રના પુણેથી દબોચી લીધો

સાપુતારા: ડાંગ જિલ્લાની વઘઈ પોલીસની ટીમે ૨૮ વર્ષ જૂના અપહરણ અને સરકારી કર્મચારી પર હુમલાના ગંભીર ગુનામાં સંડોવાયેલા એક વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રના પુણે ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસ ટીમે વેશ પલટો કરીને ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડી આરોપીને દબોચી લીધો છે.

આ કેસની વિગત મુજબ, ૧૧ જુલાઈ ૧૯૯૭ના રોજ વઘઈ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ફરજ બજાવતા તત્કાલિન આર.ટી.ઓ. અધિકારી એ.એસ. ત્રિવેદી જ્યારે વઘઈ સર્કલ પાસે પોતાની ફરજ પર હતા, ત્યારે લક્ઝરી બસ (નં. MH 12 Q 711)ના પેસેન્જરો અને ચાલકોએ તેમને માર મારી ઇજા પહોંચાડી હતી. એટલું જ નહીં, આરોપીઓએ અધિકારીનું અપહરણ કરી તેમને બસમાં બેસાડી દીધા હતા અને છેક મહારાષ્ટ્રની હદમાં નાસિક નજીક ઉતારી દઈ ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં અગાઉ સાત આરોપીની ધરપકડ થઈ ચૂકી હતી, પરંતુ મુખ્ય આરોપી લક્ષ્મણભાઇ મહાદુભાઇ ખતાડે (રહે., અહેમદનગર, મહારાષ્ટ્ર) છેલ્લા ૨૮ વર્ષથી નાસતો ફરતો હતો. આરોપી લક્ષ્મણ હાલ મહારાષ્ટ્રના પુણે વિસ્તારમાં રિક્ષા ચલાવતો હોવાની બાતમીના આધારે વઘઈ પીએસઆઈ જે.જી. અનડકટની આગેવાનીમાં એક ટીમ પુણે મોકલવામાં આવી હતી. આરોપીને પકડવા માટે પોલીસે રિક્ષાચાલક બનીને વેશ પલટો કર્યો હતો. અંતે પુણેના લોહગાવ વિસ્તારમાંથી આરોપી લક્ષ્મણ ખતાડેને ઝડપી પાડી ૨૮ વર્ષ જૂના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

નવસારીની સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિની ફરિયાદ

કેટલીક દુકાનોમાં ભીની ખાંડ આપવી, ગુણવત્તાવિહિન અનાજ વિતરણ, બિલ નહીં આપવાના આક્ષેપો

નવસારી : નવસારી શહેરમાં આવેલી કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં ગ્રાહકોને સરકાર દ્વારા નિર્ધારિત ગુણવત્તા મુજબનું અનાજ નહીં આપવાની તેમજ મળવા પાત્ર દાળ, ચણા રોકી રાખવાની ફરિયાદો સામે આવી છે. ખાસ કરીને કેટલીક દુકાનોમાં ભીની ખાંડ આપવી, ગુણવત્તાવિહિન અનાજ વિતરણ કરવું અને નિયમ મુજબ ફરજિયાત પ્રિન્ટેડ બિલ નહીં આપવાના આક્ષેપો ઉઠતા ગ્રાહકોમાં અસંતોષ ફેલાયો છે. આ મુદ્દે એક જાગૃત ગ્રાહક દ્વારા પૂરવઠા વિભાગ સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી.

ફરિયાદના આધારે પૂરવઠા વિભાગ દ્વારા સંબંધિત સસ્તા અનાજની દુકાનોની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અનાજના વિતરણ, સ્ટોકની સ્થિતિ અને બિલિંગ પ્રક્રિયા અંગે ચકાસણી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તપાસ બાદ પૂરવઠા વિભાગે સસ્તા અનાજની દુકાનમાં કામ કરતા કર્મચારીને કારણ દર્શાવો નોટીસ પાઠવી હોવાનું સામે આવ્યું છે.

પરંતુ દુકાનના લાયસન્સ ધારક અથવા સંચાલક સામે સીધી કાર્યવાહી ન થતાં શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. નિયમ મુજબ સસ્તા અનાજની દુકાનના સંચાલન, સ્ટોક સંભાળ અને ગ્રાહકોને મળતા અનાજની જવાબદારી સંપૂર્ણપણે લાયસન્સ ધારક પર રહે છે. ત્યારે માત્ર કર્મચારીને નોટિસ આપવાથી જવાબદારી નક્કી થાય છે કે કેમ તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.

આ મામલે અનેક જાગૃત નાગરિકો અને ગ્રાહકો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી તમામ સસ્તા અનાજની દુકાનોનું આકસ્મિક અને વ્યાપક ચેકિંગ કરવામાં આવે. નિયમોનું પાલન થાય, ગ્રાહકોને મળવા પાત્ર તમામ અનાજ સમયસર અને યોગ્ય ગુણવત્તામાં મળે તેમજ પારદર્શિતા જળવાઈ રહે તે માટે પૂરવઠા વિભાગે નિયમિત દેખરેખ રાખવી જરૂરી હોવાનું લોકો જણાવી રહ્યા છે. આ સાથે જો કોઈ દુકાનદાર નિયમોનો ભંગ કરતા પકડાય તો લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

ડાભેલમાં યુવાનની હત્યામાં પકડાયેલો આરોપી રિમાન્ડ પર

માલિકો દ્વારા કરાયેલી ગંભીર મારપીટના કારણે મોત થતાં હત્યાની કલમ ઉમેરાઇ હતી

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ડાભેલ ગામે આદિવાસી યુવાન પર માલિકો દ્વારા કરવામાં આવેલી ગંભીર મારપીટમાં યુવાનનું મોત થતાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. કોર્ટ દ્વારા આરોપીને બે દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યો છે.

ડાભેલ ગામે રહેતા દિપકભાઈ રાઠોને મુસ્લિમ દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હતો. મારપીટમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત દિપકભાઈનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મૃતકની પત્નીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં કુલ પાંચ આરોપીઓના નામ દર્શાવાયા હતા. કેસની ગંભીરતા અને સામાજિક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખી નવસારી એસ.સી./એસ.ટી. સેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. એસ.સી./એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. હરેશ ચાંદુએ માહિતી આપતાં જણાવ્યું હતું કે મજબૂત પુરાવા એકત્ર કર્યા બાદ વધુ એક આરોપી શૌકત ઉસ્માન એકલવાયાની અટક કરવામાં આવી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરતાં અદાલતે તેને તા.૨૬ ડિસેમ્બર સુધી બે દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે. પોલીસે અન્ય આરોપીઓની ભૂમિકા અંગે પણ તપાસ ચાલુ રાખી છે.

બીલીમોરા પાલિકાના ચીફ ઓફિસર અને સિટી ઈજનેરને નિર્ણય નહીં લેવાના મુદ્દે નોટિસ ફટકારી દિન-૧માં જવાબ મંગાયો

ડમ્પિંગ સાઈટ ટેન્ડર પ્રક્રિયા મામલે નોટિસ

અધિકારીઓએ નિયમોનુસાર કાર્યવાહી કરી હોવાનું બહાર આવતા નોટિસ અંગે અનેક તર્ક વિતર્ક

કમિશનર કચેરી દ્વારા કાચું કપાયું હોવાનો પાલિકા વર્તુળમાં ગણગણાટ

બીલીમોરા : સુરત પ્રાદેશિક કમિશનરે બીલીમોરા નગરપાલિકાના ચીફ ઓફિસર અને સીટી ઈજનેરને સૂચિત ડમ્પિંગ સાઈટ ટેન્ડર બાબતમાં નિર્ણય નહીં લેવાના મુદ્દે કારણદર્શક નોટિસ ફટકારી દિન-૧માં જવાબ માંગતા ચકચાર મચી હતી. પાલિકાના અધિકારીઓએ નિયમોનુસાર કાર્યવાહી કરી હોવાનું બહાર આવતા પ્રાદેશિક કમિશનરની નોટિસ અંગે અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. પાલિકા વર્તુળમાં કમિશનર કચેરી દ્વારા કાચું કપાયું હોવાનો ગણગણાટ સામે આવ્યો છે.

સુરત સ્થિત કાર્યરત દક્ષિણ ગુજરાત નગરપાલિકાઓની પ્રાદેશિક નિયામકની કચેરી દ્વારા બીલીમોરા નગરપાલિકા ચીફ ઓફિસર મિતલ ભાલાળા અને સીટી ઈજનેર સંકેત પટેલને નોટીસ બજાવી ફરજમાં ચૂંક કરવા બદલ પ્રાદેશિક કમિશનર એસ ડી વસાવાએ દિન એકમાં જવાબ માંગ્યો હતો. અને જો તેમ નહીં થાય તો તેમની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી. આ કારણદર્શક નોટિસનો મુદ્દો જોઈએ તો રાજ્ય સરકારે બીલીમોરા નગરપાલિકાને ઘન કચરાનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવા દેસરા વિસ્તારમાં કાવેરી નદી કાંઠે રી-સરવે બ્લોક નં. ૫૫૩ વાળી ૬૨૮૦ ચો.મી સરકારી ખરાબાની જગ્યા ફાળવી હતી. આ જગ્યામાં નદી પૂરના પાણી ફરી વળે છે. જેથી ફરતે કોડર્ન (દીવાલ) કરી પુરાણ કરવાની જરૂરિયાત ઉભી થઇ હતી. આથી ડમ્પિંગ સાઇટ ડેવલોપિંગ અર્થે ઈજારદારો પાસે ભાવ મંગાવવા ઓનલાઈન ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સરકારે આ કામ માટે કુલ રૂપિયા ૭.૬૮ કરોડની વહીવટી મંજૂરી આપી હતી. દૈનિક અખબાર પત્રમાં ઓનલાઈન ટેન્ડર માંગણીની જાહેર ખબર જોઈ ૬ જેટલા ટેન્ડરો આવ્યા હતા. જેમાં સૌથી ઓછા ભાવનું ટેન્ડર અંદાજીત રૂપિયા ૬.૩૬ કરોડથી ૨૯.૬૦ ટકા વધુ એટલે કે રૂપિયા ૮.૨૪ કરોડનું ઈજારદાર યશ કોર્પોરેશનનું હોવાથી તેને બોલાવવામાં આવ્યા હતા. જેઓ પાલિકા સમક્ષ ઈજારદારે હાજર રહી પોતે ભરેલા ભાવ યોગ્ય હોવાનું અને કામ ગુણવત્તાવાળું કરવાનું હોવાનું જણાવી, તેમાં ઘટાડો કરવાની ના ફરમાવી હતી. ટેન્ડર મંજૂરીની સત્તા કારોબારી સમિતિની હોવાથી તેમાં પણ ઈજારદારે ભાવ વ્યાજબી હોવા અને ગુણવત્તા યુક્ત કામગીરી કરવાની હોવાથી ભાવ ઓછા કરવા અસમર્થતા દર્શાવી હતી.

ટેન્ડરની રકમથી ૧૦ ટકા ઉપર હોય તો જ પાલિકાને મંજૂર કરવાની સત્તા

આથી આ મામલે નિર્ણય લેવા બીલીમોરા નગરપાલિકાએ સમગ્ર પ્રકરણ સુરત પ્રાદેશિક કચેરીને મોકલાવ્યું હતું. જેમાં પ્રાદેશિક કમિશનરે બીલીમોરા પાલિકાના ચીફ ઓફિસર અને સીટી ઇજનેરને કારણ દર્શક નોટિસ ફટકારી જવાબ માંગ્યો હતો. જેને પગલે કમિશનરે કાચું કાપ્યું હોવાની ચર્ચા જાગી હતી. જેના કારણમાં ટેન્ડરની રકમથી ૧૦ ટકા ઉપર હોય તો જ નગરપાલિકાને મંજુર કરવાની સત્તા છે. જો તેનાથી વધારે હોય તો તેને ઉપલી કક્ષાએ મંજૂરી માટે નિર્ણય લેવા મોકલવું પડે. જે મોકલવામાં આવ્યું હતું. આમ કમિશનરની નોટિસ સામે જ પ્રશ્નો સર્જાયા છે.

પુત્રીને ઘરે રહેવા ગયેલા આધેડનું બાઈક અડફેટે મોત

વાંસદા: સુરતના અંબિકા તાલુકાના વહેવલ ગામે ભેરીયા ઓવારા ફળિયા ખાતે રહેતા ભીખા પટેલ (ઉં.વ.78) રૂપવેલ ગામે પુત્રીને ત્યાં રહેવા માટે ગયા હતા. ત્યારે સવારે અનાવલ-કંડોલપાડા માર્ગ પર ટહેલવા નીકળ્યા હતા તે દરમિયાન બાઈકચાલકે તેમને અડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચતા અનાવલ પીએસસીમાં સારવાર કરાવ્યા બાદ વાંસદાની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં મોત નીપજ્યું હતું. વાંસદા પોલીસે બાઈકચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉમરગામના ભાઠી હુમરણમાં દીપડો દેખાતા ભયનો માહોલ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભાઠી હુમરણ ગામમાં એક વાડીમાં વન્ય પ્રાણી દીપડો દેખાતા લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેડૂત આગેવાનોએ જંગલ ખાતાના અધિકારીઓને જાણ કરતા દીપડાને પકડવા મારણ સાથે પાંજરુ મૂકવામાં આવ્યુ છે. થોડા દિવસ પહેલા બાજુના ગામ ગોવાડામાં પણ દીપડો દેખાયા હતો ત્યાં પણ પાંજરું મુકવામાં આવ્યું હતું પણ દીપડો હજી પકડાયો નથી.

વેચાણ સોદો રદ્ કર્યા અંગેની જાહેર નોટીશ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: **ખડસુપા** તથા **ભુલાફળિયા**, તાલુકો: નવસારી, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

ગામનું નામ	બ્લોક નંબર (નવો)	હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
ખડસુપા	૭૦૧	૨-૭૨-૧૫	૯૬.૦૦	૧૭૩૪
ભુલાફળિયા	૬૨૬	૦-૩૬-૪૨	૨.૯૪	૪૪૨

ઉપરોક્ત વિગત વાળી જમીન હમારા અસીલની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ છે. સદર જમીન હમારા અસીલએ **શાંતીલાલ કેશવભાઈ પટેલ (સાકરિયા)**, રહે. ૧૦, ઉત્તમપાર્ક સોસાયટી, મુ.પો. કબીલપોર, તા. જી. નવસારીનાઓને સાટાખત રૂએ વેચાણ આપેલ હતી. હમારા અસીલે **શાંતીલાલ કેશવભાઈ પટેલ** નાઓ સાથેનો સદર મિલકતનો સોદો અનિવાર્ય સંજોગોના કારણે રદ કરેલ છે. સદર મિલકત અંગે કોઈપણ પ્રકાર હવે પછી કોઈએ **શાંતીલાલ કેશવભાઈ પટેલ**નાઓ સાથે કરવા-કરાવવા નહિ. સદર મિલકત અંગે કોઈપણ વ્યવહાર તેમની સાથે કરવા-કરાવવામાં આવશે તો તેની જવાબદારી હમારા અસીલની રહેશે નહિ, અને સદર જમીન અંગે તેમની સાથે કોઈપણ વ્યવહાર કરવામાં આવશે તો તેઓ વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી રાહે પગલા લેવાની મારા અસીલને ફરજ પડશે જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૪-૧૨-૨૦૨૫ — મારી મારફત, **દિપાલી આર. પટેલ** (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

ડૉ.જનમ ડી. ઠાકોર, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારીની કોર્ટમાં

નં.એમએજી/જન્મ પ્ર./રજી.નં.૧૯૪/૨૦૨૫
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નવસારીની કચેરી,
તાલુકા સેવા સદન, કાલીયાવાડી, નવસારી
તા. ૨૩/૧૨/૨૦૨૫

વાદીશ્રી અબ્દુલગની મુર્તુજા શેખ
રહે.૪૦૧, મોગલ મહેલ એપાર્ટમેનટ, તુર્કિવાડ, મુગલીસરા, સુરત

વિરૂધ્ધ

સામાવાળા :- સબ રજીસ્ટ્રાર, જન્મ-મરણ, નવસારી મહાનગરપાલિકા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અનવયે નોટીસ

આથી લાગતા વળાગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, વાદીશ્રી અબ્દુલગની મુર્તુજા શેખનો જન્મ તા.૧૪/૦૪/૧૯૫૮ના રોજ મોજે. નવસારી, તા.જી.નવસારી ખાતે થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત જાહેરાત પ્રસિધ્ધીની તારીખથી દિન-૧૫માં નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નવસારીની કચેરી ખાતે વાંધો યા તકરાર રજુ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહી/-
(ડૉ.જનમ ડી. ઠાકોર)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નવસારી

જાહેર નોટીસ
(ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેરાત)

જત હમારા અસીલ **સુરેશભાઈ મંજુભાઈ બોધાણી**, રહેવાસી-અવધ રિગાલીયા, રાજહંસ સિનેમાની સામે, ઈટાળવા, ગણદેવી રોડ, નવસારીનાઓની ફરમાઈશ અને સુચનાથી આ કાયદેસરની નોટીસ ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેરાત આપી જણાવીએ છીએ કે,

હમારા અસીલ જીલ્લો નવસારી તાલુકા નવસારીના મોજે ગામ અડદા મુકામે નીચે મુજબના વર્ણન વાળી મિલકત રૂા. ૧૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા સોળ લાખ પુરામાં વેચાણ થી રાખી છે, જે મિલકતનું વર્ણન નીચે મુજબ છે.

:: મિલકતનું વર્ણન ::

રિસ્ટ્રીક્ટ નવસારીના સબ રિસ્ટ્રીક્ટ નવસારીના મોજે: અડદા ગામે આવેલ જુની શરતની કયારી પ્રકારની ખેતીની જમીન.

જુના બ્લોક/સર્વે નંબર	નવો બ્લોક/સર્વે નંબર	જમીનનો પ્રકાર	ક્ષેત્રફળ હે-આરે-ચો.મી.	ખાતા નંબર
૫૪૫/૧	૬૨૦	કયારી	૦-૮૧-૭૪	૮૦૪

પૂર્વે : લાલુ જુના બ્લોક/સર્વે નં. ૫૪૬ વાળી મિલકત.
પશ્ચિમે : લાગુ જુના બ્લોક/સર્વે નં. ૫૪૨ તથા ૫૪૫/૨ વાળી મિલકત.
ઉત્તરે : લાગુ જુના બ્લોક/સર્વે નં. ૫૭૪ વાળી મિલકત.
દક્ષિણે : લાગુ રસ્તો તથા જુના બ્લોક/સર્વે નંબર ૫૩૪ વાળી મિલકત.

ઉપરોક્ત ખેતીની જમીનમાં બોર, મોટર, ઈલેક્ટ્રીક કનેકશન, ઝાડ, બીડ સહિતની તેના મૂળ માલિક યાને કે સદર મિલકત વેચાણ આપનારાઓ (૧) મિઠ્ઠલભાઈ ભગાભાઈ પટેલ, (૨) ઠાકોરભાઈ મિઠ્ઠલભાઈ પટેલ, (૩) નગીન મિઠ્ઠલભાઈ પટેલ, (૪) ચંદ્રિકાબેન તે નરેશભાઈ મિઠ્ઠલભાઈ પટેલની વિધવા, (૫) છાયલબેન નરેશભાઈ મિઠ્ઠલભાઈ પટેલની વિધવા, (૬) આર્યન નરેશભાઈ પટેલનાઓ પ્રમાણીત થયેલ છે. તેમ છતાં સદર મિલકતના માલિકો સદર જમીન ઉપર હકક દાવો કરે છે, જેથી સદર જમીન પર કોઈએ પણ કબજો કરવો નહીં, કે સદર મિલકતમાં બિનઅધિકૃત પ્રવેશ કરવો નહીં. સદર મિલકત હમારા અસીલે ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી ગણી સદર મિલકત લીધી છે, જે આ જાહેર નોટીસથી જાહેર જનતાએ નોંધ લેવી. તેમ છતાં જો કોઈપણ વ્યક્તિ તેમાં અપપ્રવેશ કરશે કે અડચણ, અવરોધ-અંતરાયો કરશે તો હમારા અસીલ તેમના પર કાયદેસર કાર્યવાહી કરશે, તેની ખાસ નોંધ જાહેર જનતાએ લેવી.

તા. ૨૪-૧૨-૨૦૨૫
સ્થળ: નવસારી

અસીલ મજકૂરની સૂચના અને ફરમાઈશથી,
પરેશ જી. જોષી (એડવોકેટ)
બેંક ઓફ બરોડાની સામે, પાંચ હાટડી, નવસારી. મો.: 98255 31503